રજા પગાર અંગેનો સંકલિત ઠરાવ

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક : મહક/૧૦૨૦૧૫/૬૩૪૫/સ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૧૨/૨૦૧૫

વંચાણમાં લીધા:

(૧) Home Department Dated: 18th December's 1985's Resolution No. : EST/2785/5536/C

(૨) Home Department Dated: 6/1/1986's Resolution No. : EST/2785/5536/C

(3) ગૃહ વિભાગનો તા. ૭/૮/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક : મહક/૨૭૮૫/૫૫૩૬/સ

(૪) ગૃહ વિભાગનો તા. ૧૬/૧૦/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક : મહક/૧૦૯૦/૧૦૪૧/ઈ

(૫) ગૃહ વિભાગનો તા. ૧૭/૮/૧૯૯૯નો પરિપત્ર ક્રમાંક : મહક/૧૦૯૯/૩૪૬૧/સ

(૬) ગૃહ વિભાગનો તા. ૨૯/૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક : મહક/૧૦૦૯/૧૯૫૮/સ

(૭) ગૃહ વિભાગનો તા. ૫/૧૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક : મહક/૨૦૧૩/૨૭૪૪/સ

<u>આમુખ:-</u>

પોલીસ ખાતાના પોલીસ કર્મચારીઓની ફરજો અંગેની વિશિષ્ટ પરિસ્થિતી જેવી કે, તોફાન, હુલ્લડ, ધાર્મિક તહેવારો, વી.આઇ.પી. બંદોબસ્ત જેવી કાયદો – વ્યવસ્થાની જાળવણી અંગેની પરિસ્થિતીને પહોંચી વળવા માટે પોલીસ કર્મચારીઓને ક્યારેક રવિવાર, બીજા ચોથા શનિવાર અને જાહેર રજાના દિવસે પણ ફરજો બજાવવી પડે એવી પરિસ્થિતીનું નિર્માણ થાય છે પોલીસ કર્મચારીઓની સખ્ત ફરજો વાળી કામગીરીને ધ્યાને લઇ રજાના દિવસે પોલીસ દળમાં ફરજો બજાવતા પોલીસ કોન્સ્ટેબલથી આસી સબ ઇન્સ્પેક્ટર સંવર્ગના પોલીસ જવાનોને શનિવાર અને રવિવાર રજાઓ તથા અન્ય જાહેર રજાઓ દરમિયાન ફરજો બજાવવા બદલ રજા પગાર આપવા અંગેની યોજના વિભાગના તારીખ:-૧૮/૧૨/૧૯૮૫ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખતના ઠરાવોથી અમલમાં મુકવામાં આવેલ છે, છેલ્લે ગૃહ વિભાગના તારીખ:-૫/૧૨/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક -મહક/૨૦૧૩/૨૭૪૪/સ થી પાંચ વર્ષના કરારીય સમયગાળાથી નિમાતા પોલીસ કોન્સ્ટેબલને બીજા અને ચોથા શનિવાર અને રવિવારની જાહર રજા દરમિયાન ફરજો બજાવવા બદલ રૂ/-૧૫૦ ચુકવવાની જોગવાઇ કરવામા આવેલ છે.

૨. વર્ષ-૧૯૮૫ના ઠરાવથી અમલમાં આવેલ આ યોજના અને વખતો વખત તેમાં થયેલ વિવિધ સુધારાઓને ધ્યાને લઇ વહીવટી સરળીકરણની પ્રકીયાના ભાગરૂપે રાજ્ય પોલીસદળમા ફરજો બજાવતા પોલીસ કોન્સ્ટેબલથી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર સંવર્ગના પોલીસ જવાનોને શનિવાર અને રવિવાર રજાઓ તથા અન્ય જાહેર રજાઓ દરમિયાન ફરજો બજાવવા બદલ રજા પગાર આપવા અંગે

પ્રવર્તમાન તમામ ઠરાવો/પરિપત્રો સંકલિત કરી સંકલિત ઠરાવ બહાર પડવાની બાબત વિચારણા હેઠળ હતી. વિચારણાને અંતે આ બાબતે નીચે મુજબનો સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ઠરાવ:-

રજા પગારનો લાભ લોકરક્ષક, પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એ.એસ.આઇ. સંવર્ગના પોલીસ જવાનોને તથા એસ.આર.પી એફના વર્ગ-૪ના કર્મચારીઓ જેવાકે - રસોયા, પાણીવાળા, દરજી , વાળંદ, મોચી, ધોબી વગેરેને નીચે મુજબ મળવાપાત થશે.

(૧) પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એ.એસ.આઇ. સંવર્ગના પોલીસ જવાનોને રાજ્યની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા માટે, તોફાન, હુલ્લડ, ધાર્મિક તહેવારો, વી.આઇ.પી. બંદોબસ્ત વિગેરેના કારણોસર રવિવાર/બીજા અને ચોથા શનિવાર તેમજ જાહેરરજાના દિવસે ફરજો બજાવવા બદલ એક દિવસના પગાર જેટલી રકમ રજા પગાર પેટે મળશે.

(૨) રજા પગારની ગણતરીમા મુળ પગાર + ગ્રેડપે + મોંઘવારી પગાર+ સી.એલ.એ.+ ખાસ વળતર ભથ્થાનો સમાવેશ થશે.

(૩) પાંચ વર્ષના ફીક્સ પગારથી નિમાયેલ લોકરક્ષકને રવિવાર તથા બીજા અને ચોથા શનિવારના દિવસે ફરજ બજાવવા બદલ એક દિવસના રૂ/-૧૫૦/(અંકે રૂપિયા એકસો પચાસ પુરા) - લેખે રજા પગાર ચુકવવાનો રહેશે.

(૪) જો ઉક્ત પોલીસ કર્મચારી રજાના દિવસે બજાવેલ ફરજ બદલ એક દિવસના પગારના બદલે એક દિવસની રજા ભોગવવા ઇચ્છે તો તેવી વળતર રજા આપી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. આર. ભમ્મર)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશકશ્રી (ક્રાઇમ અને રેલ્વે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ટેકનીકલ સેનાઓ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (તાલીમ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાણા વિભાગ, ચ શાખા, સચિવાલય, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ
- સર્વે સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ જુથ
- વિભાગના સર્વે અધિકારીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઇ.ટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ)
- શાખા સિલેક્ટ ફાઇલ/ નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ